## સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લામાં સાબર ડેરી દ્વારા

# મહિલા સશકિતકરણ પખવાડીયા અંતર્ગત 'મહિલા જાગૃતિ કાર્યક્રમ' ઉજવાયો

હિંમતનગર, તા.૭

સાબરડેરી, ઓડીટોરીયમ હોલ ખાતે ગુજરાત સરકારના મહિલા સશકિતકરણ પખવાડીયા અંતર્ગત સાબર ડેરી દ્વારા મહિલા પશુપાલક દિવસની ઉજવણી નિમિત્તે મહિલા જાગૃતિ કાર્યક્રમનું આયોજન સાબરકાંઠા જિલ્લા માટે જી.સી.એમ.એમ.એફ. તથા સાબર ડેરીના ચેરમેન જેઠાભાઈ પી. પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. કાર્યક્રમનું ઉદઘાટન જિલ્લા સમાહર્તા, સાબરકાંઠા જિલ્લો બંછાનિધિ પાનીએ કર્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સાબરકાંઠા જિલ્લાની મહિલા દૂધ મંડળીઓની કારોબારી સભ્યો તથા પ્રગતિશીલ મહિલા દૂધ ઉત્પાદકો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં સંઘના મેનેજીંગ ડીરેકટર ડૉ. બી.એમ. પટેલે પોતાના વકતવ્યમાં મહિલા જાગૃતિ કાર્યક્રમનું મહત્વ સમજાવી આવેલ સૌ મહેમાનો તથા વિશાળ સંખ્યામાં ઉપસ્થિત મહીલાઓનું હાર્દિક સ્વાગત કર્યું હતું. ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સન્માન કર્યા બાદ સાબરડેરી દ્વારા ઘોષિત સાબર લક્ષ્મી એવોર્ડ (જિલ્લામાં સૌથી વધુ દુધ ભરાવનાર પ્રથમ-દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરનાર) તેમજ સાબર લક્ષ્મી એવોર્ડ (તાલુકમાં સૌથી વધુ દુધ ભરાવનાર પ્રથમ-દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરનાર) વિજેતા મહિલા દૂધ ઉત્પાદકોને કલેકટરશ્રીના શુભ હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવેલ. કલેકટરશ્રી બંછાનિધિ પાનીએ મહિલાઓની વિશાળ સંખ્યાની ઉપસ્થિતિ જોઈ આનંદ વ્યકત કર્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું હતુ કે ગુજરાત રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા સમગ્ર રાજયમાં જાહેર કરાયેલ કાર્યક્રમો મુજબ મહિલા સશકિતકરણ પખવાડીયા અંતર્ગત મહિલા પશુપાલક દિવસની ઉજવણી નિમિત્તે ઉપસ્થિત થયેલ મહિલાઓ દૂધના વ્યવસાય થકી મોટી આવક મેળવે છે અને સ્વરોજગારી મારફતે સ્વમાનભેર જીવી શકે છે તે આ સાબડેરીના પ્રતાપે છે તેમ જણાવી દૂધ સંઘના સ્થાપકો તેમજ ચેરમેન જેઠાભાઈ પટેલ તથા સંચાલકોને અભિનંદન પાઠવ્યા હતા.



ગુજરાત કો ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન તથા સાબર ડેરીના ચેરમેન જેઠાભાઈ પી. પટેલે બહોળી જન સંખ્યામાં ઉપસ્થિત મહિલાઓને આવકારી આનંદ વ્યકત કર્યો હતો. તેઓશ્રીએ દૂધ સંઘની વિવિધ યોજનાઓ તેમજ સરકારશ્રીની વિવિધ સહાયકારી યોજનાઓનો લાભ લેવા માટે મહિલાઓને અનુરોધ કર્યો હતો.

## વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ ૯ જૂને જાહેર થશે

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાયેલ ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિજ્ઞાનપ્રવાહ પૂરક તેમજ રેમેડીયલ સેમેસ્ટર-૩ અને સેમેસ્ટર-૪ ની જુલાઈ-૧૪ માં લેવાયેલી પરીક્ષાનું પરિણામ ૯-૮-૧૪ને શનિવારના રોજ જાહેર કરવામાં આવશે. રાજ્યની વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, ૯-૮-૨૦૧૪ના રોજ સવારે ૧૦થી ૪ કલાક સુધીમાં જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતેથી પોતાની શાળાનું પરિણામ શાળાના પ્રતિનિધીએ અધિકાર પત્ર આપીને મેળવી લેવા જણાવાવમાં આવે છે. આ પરીક્ષાનું પરિણામ વેબસાઈટ પર જાહેર કરવામાં આવનાર નથી જેથી વિતરણ સ્થળેથી પરિણામ મેળવીને શાળાના વિદ્યાર્થીઓને સત્વરે પહોંચતુ કરવા જણાવવામાં આવે છે.

## ધનસુરા મહિલા કોલેજમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

વનમહોત્સવ કાર્યક્રમ અંતર્ગત ધનસુરા મહિલા કોલેજ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં કેળવણી મંડળના હોદ્દેદારો ગોપાલભાઈ ઠેકડી, મનહરભાઈ શાહ, પ્રફુલાબેન બ્રહ્મભટ્ટ, વિઠ્ઠલભાઈ પટેલ, ગોપાલભાઈ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને વૃક્ષા રોપણ કરી વૃક્ષોના માવજત માટે સંકલ્પ લીધા હતા.



## પાલનપુરમાં જાહેર માર્ગો પર ગાયોના ટોળાથી પ્રજા ત્રાહીમામ

ચોમાસાની સીઝનમાં બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુર શહેર સહિત મોટાભાગના તમામ તાલુકાના જાહેર માર્ગો અને સર્કલોની આસપાસ રખડતા ઢોરને લઈ વાહનચાલકો અને રાહદારીઓ ભારે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. તંત્ર દ્વારા આ અંગે કોઇ પગલાં ન ભરાતા વાહનચાલકો અને રાહદારીઓમાં ઉગ્ર રોષ વ્યાપી ઉઠ્યો છે અને આ અંગે તંત્ર દ્વારા સત્વરે કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## ડીસા અર્બન હેલ્થ સેન્ટર ખાતે મહિલા આરોગ્ય દિવસની ઉજવણી

ડીસા, તા. ૭

ડીસા પંથકમાં આરોગ્ય લક્ષી સેવાઓનો વ્યાપ્ત વધે તે હેતુથી સરકારની સીધી સુચનાએ ડીસા અર્બન હેલ્થ સેન્ટર ખાતે મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત મહિલા આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ડીસા અર્બન હેલ્થ કચેરી ખાતે યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. એ.એસ. આચાર્ય, ડીસા સિવિલ સર્જન ડૉ. એ.એન. પરમાર, પાલિકા પ્રમુખ ડૉ. તેજલબેન પટેલ, ડૉ. દિનેશ પટેલ, શહેર ભાજપ પ્રમુખ રાજુભાઈ ઠાકોર, મહામંત્રી ભાજપ શહેર તેમજ હાજી અબ્દુલગની ઈબ્રાહીમ ઠેકેદાર સેક્ટેરરી મદની હોસ્પિટલ ડીસા સહીત અનેકો મહાનુભાવો હાજર રહ્યા હતા. જેમને આરોગ્ય લક્ષી સેવાનો ઘેર-ઘેર વ્યાપ્ત વધે તેવી અપીલ કરી હતી.


## પાલનપુરમાં નગરપાલિકાના મહિલા સફાઈ કામદારોની આરોગ્ય તપાસણી હેલ્થ કેમ્પ યોજાયો

મુખ્યમંત્રી ગુજરાત રાજ્યના મહિલા સશક્તિકરણ પખવાડીયાના ભાગરૂપે મહિલા અસ્મિતા દિવસ નિમિત્તે નગરપાલિકાના મહિલા સફાઈ કામદારોના હેલ્થ ચેક-અપ કેમ્પ સિવિલ હોસ્પિટલના હોલમાં નગરપાલિકાના ઉપક્રમે પ્રમુખ હસમુખભાઈ પઢીયાર તેમજ સિવિલ સર્જન શિવરામભાઈ પટેલના વરદ હસ્તે કેમ્પ યોજાયો હતો. મેડીકલ ઓફિસર શ્રીમતી રેખાબેન, ડીમ્પલબેન, પી.પી. યુનીટ ઈન્ચાર્જ ડાગા, સેનીટેશન ચેરમેન ઈલીયાસભાઈ નાગોરી, દબાણ ચેરમેન ભરતભાઈ ઠાકોર, મહિલા સદસ્યો મુખ્ય અધિકારી એસ.કે. ગરવાલ, ઓ.એસ. પરેશભાઈ પઢીયાર, સેની. ઈન્સ્પેક્ટર લાલજીભાઈ સોલંકી, નગરપાલિકાના અધિકારીઓ તેમજ બહોળી સંખ્યામાં સફાઈ કામદારો ઉપસ્થિત રહેલ. મહિલા સફાઈ કામદારોએ મેડીકલ ચેક અપ કરાવી કાર્યક્રમને સફળ બનાવેલ.

## મહિલા પશુપાલન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિષય નિષ્ણાંતો દ્વારા વિવિધ વક્તવ્યો તેમજ પશુપાલકોએ તેમના અનુભવો રજૂ કર્યા હતા. સંઘના એમ.ડી. શ્રી રોહિત મહેતાએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગરના ધારાસભ્ય શ્રી અશોક પટેલ, શંભુજી ઠાકોર, પશુપાલન નિયામક ડૉ. એ.જે. કાછીઆ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિક્ટર મેકવાન, જિલ્લા રજીસ્ટ્રાર શ્રીમતી ઉર્વશી બ્રહ્મભટ્ટ, જિલ્લાની દૂધ ડેરીઓના ચેરમેનશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં મહિલા પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

## શબ્દાવલી - ૫૪૭૧



**આડી ચાવી**

- ૧. બીજાને વશ (૪)
- ૪. પૃથ્વી, વસુંધરા (૩)
- ૬. પાણીની ફરફર, વાછટ(૩)
- ૮. સાધુ સંતોનું ભિત્રાપાત્ર, તુંબડી (૪)
- ૧૦. બાતલ, કેન્સલ (૨)
- ૧૧. નાગ, સર્પ (૨)
- ૧૨. જાપ, એક નામનો જાપ કરવો તે (૩)
- ૧૪. સાચવીને રાખવું (૪)
- ૧૬. આંબલીના બીયા, ... ઠળીયા (૩)
- ૧૭. રામાયણનાં સુવર્ણ મૃગ બનેલ રાક્ષસ (૩)
- ૧૯. સત્ત્વવાળુ, કસવાળુ (૪)
- ૨૦. ખડકલો, ઢગ (૩)
- ૨૩. વિચાર, વોટ (૨)

**ઊભી ચાવી**

- ૧. બીજા ઉપર ઉપકાર કરવો તે (૫)
- ૨. બીજાને વશ કરવું તે (૫)
- ૩. આરોપી, જેના પર શંકા હોય તેવો વ્યક્તિ (૪)
- ૫. તનમનને ગમે તેવો અનુભવ (૨)
- ૭. રો, રૂદન કર (૨)
- ૯. છાણ માટીનો લેપ (૩)
- ૧૧. તદ્દન (૨)
- ૧૩. વિસ્તારનો દાદો, લુખ્ખો(૩)
- ૧૪. સાચો, ખોટો નહિ તેવો(૪)
- ૧૫. ઘણા 'સરસ' છે એવું બોલવાના બદલે... બોલે છે (૩)
- ૧૭. ટ્રેડમાર્ક, નિશાન (૨)
- ૧૮. ... ઉતર, ચઢવું-ઉતરવું(૨)
- ૨૦. પૈસા, નાણાં (૨)
- ૨૧. મગ્ન, તલ્લીન (૨)

### શબ્દાવલી ૫૪૭૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) કાનખજૂરો (૩) જજબાત (૭) બળવાન (૧૦) ડબલુ (૧૧) ડકાર (૧૨) ઇનકાર (૧૪) મલમ (૧૭) પજવણી (૧૮) વાશીદુ (૧૯) લંબુ (૨૦) દખ (૨૧) નાગરવેલ

**ઊભી ચાવી :-** (૧) કાખબલાઇ (૨) રોજ (૩) કબાબ (૪) પતલુ (૬) જડ (૮) વાડકા (૯) નકાર (૧૩) નખશીખ (૧૪) મજબુર (૧૫) લવ (૧૬) મણી (૧૭) પલંગ (૧૮) વાદ

## નિમણુંકો રદ કરતું

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈનો સિંહફાળો હોય છે.

પરંતુ છેલ્લા કેટલાક સમયથી સંગઠનને નુકશાન કરવા કેટલાક તત્વો દ્વારા નવા વિદ્યાર્થીઓને લાલચ આપી એનએસયુઆઈ નુકશાન થાય તે રીતે કોલેજોમાં બારોબાર નિમણુંક આપવામાં આવી રહી હતી.

આ નિમણુંકની ઓલ ઈન્ડિયા એનએસયુઆઈ કે ગુજરાત એનએસયુઆઈની કોઈ પણ પ્રકારની મંજુરી લેવામાં આવી ન હતી. આવી બોગસ નિમણૂંક આપતા પ્રદેશ મંત્રી વિરેન્દ્રસિંહ વાઘેલાને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવે છે અને એમને આપેલી બોગસ નિમણુંકોને પણ પાર્ટી રદ કરે છે.

વિદ્યાર્થીઓને હું નમ્ર વિનંતી કરૂ છુ કે એનએસયુઆઈ લોક તાંત્રિક પાર્ટીનું સંગઠન છે. કોઈ પણ વિદ્યાર્થી આવા નિમણુંક આપતા તત્વોથી દૂર રહી એનએસયુઆઈની વિચારધારાથી જોડાય અને પાર્ટીને મજબુત કરવા પ્રયત્નશીલ બને. ભવિષ્યમાં આ પ્રકારની શિસ્તભંગનો કોઈપણ કિસ્સો પ્રકાશમાં આવશે તો એનએસયુઆઈ કાયદાકીય પગલા લેશે.

## જિલ્લા પંચાયતમાં

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

તેમણે કહ્યું હતું કે જિલ્લામાં વિકાસના મુદ્દે જે કંઈ અન્યાય થયો છે તેને દૂર કરવામાં કોઈ જ કચાશ રખાશે નહિ. નવા વિકાસના કામો ઝડપથી અમલી બનશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે ઉત્સાહભર્યા કેશરીયા માહોલમાં ભાજપમાં જોડાયેલા શ્રીમતિ હીનાબેન પટેલે પ્રમુખ તરીકેનો પુનઃ કાર્યભાર સંભાળ્યો હતો. આ પ્રસંગે શ્રીમતિ હીનાબેનની સાથે સર્વશ્રી સદેસિંહ ઝાલા, ગાભુસિંહ રાઠોડ, જ્યોત્સનાબેન પટેલ, મંગીબેન પટેલ, ભીખીબેન ઠાકોર, ગાભાજી ઠાકોર, ઉષાબેન મનુભાઈ પટેલ, વિજયસિંહ ચાવડાને ભાજપના સદસ્યોએ સત્કાર્યા હતા. જ્યારે આ સમગ્ર ટીમને ગાંધીનગર જિલ્લાના ભાજપના નેતાઓ, હોદ્દેદારો, કાર્યકરો તેમજ તમામ વિસ્તારના ભાઈ-બહેનોએ શ્રીમતિ હીનાબેન પટેલ તેમજ કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા તમામ સદસ્યોને ફૂલહાર અને મીઠાઈ સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. ભાજપમાં જોડાયા બાદ પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળતા શ્રીમતી હીનાબેન પટેલે કહ્યું હતું કે, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના કેટલાંક મોવડીઓ દ્વારા ઉઘરાવાતા સાલીયાણાથી અમે સૌ ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. જિલ્લામાં વિકાસ કાર્યો કરવાના બદલે આ કોંગ્રેસી નેતાઓ દ્વારા ઉઘાડી લૂંટ ચલાવી ગ્રામીણ પ્રજા ઉપર બોજ નાખવા સાથે વિકાસ કામો ઠપ કરી દીધા હતા. તેના કારણે અમે સૌએ પ્રજાને આ ત્રાસમાંથી છોડાવવા માટે ભાજપમાં જોડાવાનો નિર્ણય કર્યો છે.

## સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

વિકાસકામોનો મહાયજ્ઞ પાટણ જિલ્લામાં તા. ૧૫મી ઓગસ્ટ સુધી સતત ચાલવાનો છે અને જનસુખાકારી, સુવિધા વિકાસ અને સ્થાનિક સેવા-સુવિધાના કામોનો બહુવિધ વિકાસ ઉત્સવ સમગ્ર જિલ્લામાં દરરોજ ઉજવાઈ રહ્યો છે. મહામહિમ રાજ્યપાલ ઓપી કોહલી ૧૪મી ઓગસ્ટ ૨૦૧૪ના રોજ મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ઉપસ્થિતમાં પાટણમાં સાંજે ઉદ્યાન સમારોહમાં વિશેષરૂપે હાજર રહીને નાગરીકો અને સ્વાતંત્ર્ય સેનાનીઓનું અભિવાદન કરશે અને સ્વાતંત્ર્ય પર્વની શુભકામના આપશે.

પ્રવક્તા મંત્રીઓએ જણાવ્યું કે રાષ્ટ્રીય પર્વો જનભાગીદારી સાથે લોકો વચ્ચે જઈને જિલ્લામથકોએ ઉમંગ-ઉત્સાહથી ઉજવવાની તત્કાલીકન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવતર મહેલરૂપે પાટનગર ગાંધીનગરના દાયરાની બહાર પહેલીવાર સ્વાતંત્ર્ય પર્વ ઉજવણી વર્ષ ૨૦૦૩માં ૫૭માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી પાટણ જિલ્લાથી શરૂ કરી હતી તે શ્રૃંખલાને આગળ ધપાવતા વર્ષ ૨૦૧૪ની ૬૮માં સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણીના યજમાન બનવાનું ગૌરવ પુનઃ જિલ્લાને પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વમં પ્રાપ્ત થયું છે.

નીતિન પટેલ અને સૌરભ પટેલે મુખ્યમંત્રીના ૧૪મી ઓગસ્ટના વિવિધ શ્રેણીબધ્ધ વિકાસકામોની ભૂમિકા આપતા જણાવ્યું કે ૧૪મી ઓગસ્ટની સવારે આનંદીબેન પટેલ જિલ્લાના સાંતલપુર તાલુકાના ઝઝામ ખાતે સરકાર સરોવર નર્મદા બંધની કચ્છ નહેર સાયફન તેમજ કિમી ૪૫ થી ૮૨ વચ્ચેની નહેરનું લોકાર્પણ કરશે. મુક્યમંત્રીની ઉપસ્થિતિમાં પાટણ જિલ્લાના સમીમાં સવારે ૧૦ કલાકે કિસાન સંમેલન યોજવામાં આવ્યું છે. મુખ્યમંત્રી પાટણ તાલુકા સરવા ગામે મહાત્મા ગાંધી ગ્રામ સચિવાલય લોકાર્પણ તથા તળાવ બ્યુટીફિકેશન અને અન્ય વિકાસકામોના ભૂમિપૂજન સંપન્ન કરશે. પાટણ જિલ્લામાં રાષ્ટ્રીય પર્વની ઉજવણીના આ અવસરે મુખ્યમંત્રી ૮૯.૨૬ કરોડના વિવિધ પાંચ કામોના ખાતમુર્હુત તેમજ રૂા. ૩૯૫ કરોડના આઠ વિકાસકામોના લોકાર્પણ કરવાના છે.


# Gujarat State Petronet Limited

**Corporate Identity Number: L40200GJ1998SGC035188**

**Regd Office:** GSPC Bhavan, Sector - 11, Gandhinagar - 382 010
**Tel:** +91-79-66701001 **Fax:** +91-79-23236477 **Website:** www.gujpetronet.com **Email:** investors.gspl@gspc.in

**Part I STATEMENT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE 2014** (Rs. in Lakhs)

| Sr. No. | Particulars | Standalone Results: 3 months ended 30.06.2014 (Unaudited) | 31.03.2014 (Unaudited) | 30.06.2013 (Unaudited) | Year ended 31.03.2014 (Audited) |
|---|---|---|---|---|---|
| 1 | **Income from Operations** | | | | |
| | a) Net Sales/Income from Operations | 23,043.83 | 23,043.94 | 29,606.05 | 104,733.23 |
| | b) Other Operating Income | 46.75 | 96.50 | 70.00 | 336.00 |
| | **c) Total Income from Operations** | **23,090.58** | **23,140.44** | **29,676.05** | **105,069.23** |
| 2 | **Expenses** | | | | |
| | a) Employee benefit expenses | 760.98 | 591.43 | 673.95 | 2,871.17 |
| | b) Depreciation & amortisation expense | 4,693.76 | 4,491.54 | 4,577.02 | 18,387.02 |
| | c) Operation & Maintenance expense | 1,797.97 | 1,598.71 | 1,541.17 | 6,713.76 |
| | d) Other expenses | 491.82 | 868.76 | 482.03 | 2,601.52 |
| | **e) Total expenses** | **7,744.53** | **7,550.44** | **7,274.17** | **30,573.47** |
| 3 | **Profit/(Loss) from operations before other income, finance cost and exceptional items (1-2)** | **15,346.05** | **15,590.00** | **22,401.88** | **74,495.76** |
| 4 | Other Income | 1,302.12 | 1,452.55 | 1,315.16 | 5,518.51 |
| 5 | **Profit/(Loss) from ordinary activities before finance cost & exceptional items (3+4)** | **16,648.17** | **17,042.55** | **23,717.04** | **80,014.27** |
| 6 | Finance costs | 3,205.72 | 3,190.11 | 3,798.39 | 14,184.77 |
| 7 | **Profit/(Loss) from ordinary activities after finance cost but before exceptional items (5-6)** | **13,442.45** | **13,852.44** | **19,918.65** | **65,829.50** |
| 8 | Exceptional Items | - | - | - | - |
| 9 | **Profit/(Loss) from ordinary activities before tax (7+8)** | **13,442.45** | **13,852.44** | **19,918.65** | **65,829.50** |
| 10 | Tax Expense | **4,942.68** | **4,705.95** | **7,291.56** | **23,914.72** |
| | - Income Tax | 4,458.48 | 3,882.48 | 6,454.10 | 20,559.02 |
| | - Deferred Tax | 484.20 | 823.47 | 837.46 | 3,355.70 |
| 11 | **Net Profit/(Loss) from ordinary activities after tax (9-10)** | **8,499.77** | **9,146.49** | **12,627.09** | **41,914.78** |
| 12 | Extraordinary Items (net of tax expenses) | - | - | - | - |
| 13 | **Net Profit/(Loss) for the period (11-12)** | **8,499.77** | **9,146.49** | **12,627.09** | **41,914.78** |
| 14 | Paid-up Equity Share Capital (face value of Rs.10/- each) | 56,274.00 | 56,273.87 | 56,271.84 | 56,273.87 |
| 15 | Reserves excluding revaluation reserves as per balance sheet of previous accounting year | - | - | - | 273,209.17 |
| 16 i. | Earnings per share(EPS) before Extraordinary items | | | | |
| | a) Basic EPS (Rs.) | 1.51 | 1.63 | 2.24 | 7.45 |
| | b) Diluted EPS (Rs.) | 1.51 | 1.63 | 2.24 | 7.45 |
| | (face value of Rs.10/- each) | (not annualised) | (not annualised) | (not annualised) | |
| 16 ii. | Earnings per share(EPS) after Extraordinary items | | | | |
| | a) Basic EPS (Rs.) | 1.51 | 1.63 | 2.24 | 7.45 |
| | b) Diluted EPS (Rs.) | 1.51 | 1.63 | 2.24 | 7.45 |
| | (face value of Rs.10/- each) | (not annualised) | (not annualised) | (not annualised) | |

**Part II SELECT INFORMATION FOR QUARTER ENDED 30TH JUNE 2014**

| Sr. No. | Particulars | 3 months ended 30.06.2014 | 31.03.2014 | 30.06.2013 | Year ended 31.03.2014 |
|---|---|---|---|---|---|
| A | **Particulars of Shareholding** | | | | |
| 1 | Public Shareholding | | | | |
| | - Number of Shares | 350,434,682 | 350,433,425 | 350,413,138 | 350,433,425 |
| | - Percentage of Shareholding | 62.27% | 62.27% | 62.27% | 62.27% |
| 2 | Promoters and Promoter Group Shareholding | | | | |
| | a) Pledged / Encumbered | | | | |
| | - Number of shares | Nil | Nil | Nil | Nil |
| | - Percentage of shares (as a % of the total shareholding of Promoter and Promoter group) | Nil | Nil | Nil | Nil |
| | - Percentage of shares (as a % of the total share capital of the Company) | Nil | Nil | Nil | Nil |
| | b) Non - encumbered | | | | |
| | - Number of shares | 212,305,270 | 212,305,270 | 212,305,270 | 212,305,270 |
| | - Percentage of shares (as a % of the total shareholding of the Promoter and Promoter group) | 100.00% | 100.00% | 100.00% | 100.00% |
| | - Percentage of shares (as a % of the total share capital of the company) | 37.73% | 37.73% | 37.73% | 37.73% |

| Sr. No. | Particulars | 3 months ended 30.06.2014 |
|---|---|---|
| B | **Investor Complaints** | |
| | Pending at the beginning of the quarter | 0 |
| | Received during the quarter | 47 |
| | Disposed of during the quarter | 47 |
| | Remaining unresolved at the end of the quarter | 0 |

**SEGMENT-WISE REVENUE, RESULTS AND CAPITAL EMPLOYED FOR THE QUARTER ENDED 30TH JUNE 2014** (Rs. in Lakhs)

| Sr. No. | Particulars | Standalone Results: 3 months ended 30.06.2014 (Unaudited) | 31.03.2014 (Unaudited) | 30.06.2013 (Unaudited) | Year ended 31.03.2014 (Audited) |
|---|---|---|---|---|---|
| 1 | **Segment Revenue (Net Sales / Income)** | | | | |
| | A. Gas Transportation | 21,792.89 | 22,621.79 | 28,428.61 | 101,668.23 |
| | B. Sale of Electricity | 1,389.84 | 828.81 | 1,286.79 | 3,802.15 |
| | **Total** | **23,182.73** | **23,450.60** | **29,715.40** | **105,470.38** |
| | Less: Inter-Segment Revenue | - | - | - | - |
| | **Sales / Income from Operations** | **23,182.73** | **23,450.60** | **29,715.40** | **105,470.38** |
| 2 | **Segment Results:** | | | | |
| | Profit/(Loss) before Interest & Taxes | | | | |
| | A. Gas Transportation | 15,603.94 | 16,488.94 | 22,666.17 | 77,095.98 |
| | B. Sale of Electricity | 691.39 | 14.63 | 465.29 | 612.35 |
| | **Total** | **16,295.33** | **16,503.57** | **23,131.46** | **77,708.33** |
| | Less: (i) Interest & Financial Charges | 3,205.72 | 3,190.11 | 3,798.39 | 14,184.77 |
| | (ii) Other Un-allocable Expenditure | 857.13 | 603.35 | 690.24 | 2,811.36 |
| | Add: (iii) Other Un-allocable Income | 1,209.97 | 1,142.33 | 1,275.82 | 5,117.30 |
| | **Total Profit before Tax** | **13,442.45** | **13,852.44** | **19,918.65** | **65,829.50** |
| 3 | **Capital Employed:** | | | | |
| | (Segment Assets Less Segment Liabilities) | | | | |
| | A. Gas Transportation | 385,144.51 | 381,168.21 | 373,936.40 | 381,168.21 |
| | B. Sale of Electricity | 18,301.93 | 18,423.89 | 20,992.76 | 18,423.89 |
| | C. Un-allocable | 120,727.58 | 114,797.14 | 105,380.28 | 114,797.14 |
| | **Total** | **524,174.02** | **514,389.24** | **500,309.44** | **514,389.24** |

**Notes:**

1. The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors in their meetings held on 7th August, 2014.
2. Segment Revenue includes Other Income which is directly attributable to each segment.
3. The statutory auditors have carried out a limited review of above results.
4. During the quarter, the Company has alloted 1257 equity shares of Rs. 10 each to the eligible employees pursuant to GSPL ESOP Plan 2005.
5. Pursuant to the notification of Schedule II to the Companies Act, 2013 with effect from 1st April 2014 the useful life of fixed assets have been revised as prescribed therein. As a result, an amount of Rs 225.07 lacs representing assets whose useful life has already exhausted as on 1st April 2014 has been adjusted against retained earnings. In respect of remaining assets additional depreciation amounting to Rs 199.98 lacs has been charged to Profit & Loss Statement for the current quarter.
6. The Gas volumes transported are as follows: (In MMSCM)

| Year/period | Qtr 1 |
|---|---|
| Financial Year 2014-15 | 2023.44 |
| Financial Year 2013-14 | 2015.37 |

7. The figures for the corresponding previous periods have been restated / regrouped, wherever necessary, to make them comparable.

Place: Gandhinagar
Date: 7th August, 2014

For, Gujarat State Petronet Limited
Tapan Ray, IAS
Managing Director